# અરવલ્લી જિલ્લામાં સ્વાઈનફલુનો કહેર

## મોડાસાની એઇમ્સ હોસ્પિટલમાં ૫૨ વર્ષીય ખોડંબા ગામની મહિલાની સ્વાઇનફલુની સઘન સારવાર હાથ ધરાઈ : અરવલ્લી જીલ્લાને ડેન્ગ્યુ ગ્રસ્ત જીલ્લો જાહેર થાય તો નવાઈ નહિ...?



મોડાસા, તા.૨૮

અરવલ્લી જીલ્લા આરોગ્ય વિભાગ જીલ્લામાં રોગચાળો નાથવામાં સંપૂર્ણ નિષ્ફળ રહેતા જીલ્લાના પ્રજાજનો ભગવાન ભરોશે હોય તેવો અહેસાસ અનુભવી રહ્યા છે. જીલ્લામાં સ્વાઈનફલુનો કહેર યથાવત વચ્ચે શામળાજી નજીક આવેલા ખોડંબા ગામની મહિલા સ્વાઈનફલુની ઝપેટમાં આવતા તંત્ર ઉંધા માથે પછડાયું છે. જવલ્લેજ જોવા મળતા ઈન્ફ્લુએન્જા-બી વાયરસનો મહિલા ભોગ બની હોવાનું બહાર આવતા જીલ્લાના પ્રજાજનોમાં ભારે ફફડાટ ફેલાયો છે. મોડાસાની એઈમ્સ હોસ્પિટલમાં તાવ, શરદી, ખાંસી અને શ્વાસની બીમારીની સારવાર માટે દાખલ મહિલા સ્વાઈનફ્લૂમાં સપડાઈ હોવાની તબીબોને જણાતા લેબોરેટરી પરીક્ષણ કરાવતા સ્વાઈનફલુ-બી પોઝેટીવ રિપોર્ટ આવતા તબીબોએ મહિલાને સઘન સારવાર હાથ ધરતા મહિલાની સ્થિતિ સ્થિર હોવાનું તબીબોએ જણાવ્યું હતું.

અરવલ્લી જીલ્લામાં છેલ્લા થોડા દિવસોથી વાઈરલ તાવ, ડેન્ગ્યુ, મેલેરિયા અને પાણીજન્ય રોગચાળાએ હાહાકાર મચાવ્યો છે. તંત્ર આ રોગચાળા સામે પ્રજા રક્ષણમાં લાખ્ખો રૂપિયાના ખર્ચ છતાં નબળું પડતું હોય તેમ લાગે છે. જાણે બીમારીના ઘેર ઘેર ખાટલા મંડાયા હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા જે આંકડા અપાય છે તે વાસ્તવિકતાથી તદ્દન મામૂલી હોય તેમ લાગી રહ્યું છે. અરવલ્લી જિલ્લાની ખાનગી હોસ્પિટલમાં દરરોજ ૨૦થી વધુ શંકાસ્પદ અને ડેન્ગ્યુ પોઝેટિવના દર્દીઓ બહાર આવી રહ્યા હોવાની સાથે હોસ્પિટલમાં ઈન્ડોર સારવાર લઈ રહ્યા છે. ત્યારે જીલ્લાને ડેન્ગ્યુગ્રસ્ત જાહેર કરવાની નોબત આવેતો નવાઈ નહિ...?ની જીલ્લા આરોગ્ય વિભાગના સૂત્રો પાસેથી માહિતી મળી હતી.

અરવલ્લી જીલ્લા આરોગ્ય વિભાગ દેખાવ પૂરતી કામગીરી કરતી હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. આરોગ્ય વિભાગની નિષ્ફળતાના પગલે જીલ્લાના પ્રજાજનો બીમારીમાં સપડાઈ રહ્યા હોવાથી આરોગ્ય વિભાગની કામગીરી ફક્ત કાગળ પર હોય તેવું લાગી રહ્યું છે.

## શામળાજી નજીક દેવનીમોરી ગામના સ્મશાનમાં બીજા દિવસે મૃતદેહની અંતિમવિધિમાં અડચણ



શામળાજી, તા. ૨૮

શામળાજીના દેવની મોરી ગામે સ્મશાનને લઈ આજે વધુ એક મૃતદેહની અંતિમ ક્રિયા માટે પરિજનો અને ગ્રામજનોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે દેવનીમોરી, હિંમતપુર સહિત પાંચ ગામ વચ્ચે એક સ્મશાનની જગ્યા હોય હિંમતપુર ગામના આધેડનું રવિવારે દુઃખદ અવસાન થતા દેવનીમોરી ગામ નજીક સ્મશાનમાં મૃતદેહને અંતિમ ક્રિયા માટે લાવવામાં આવ્યો હતો. સ્મશાન જવાનો રસ્તો ખુલ્લો ના થતા અડધે રસ્તે અંતિમ ક્રિયા કરવા ડાઘુઓ મજબુર બન્યા હતા. મૃતકની અંત ક્ષણે પણ સ્મશાનની મુળ જગ્યા પ્રાપ્ત ન થતા ગ્રામજનોમાં ભારોભાર નારાજગી જોવા મળી હતી. ગઈકાલે પણ દેવનીમોરી ગામની મહિલાનો મૃતદેહનો મલાજો ન જાળવતા ચાર કલાક જેટલો સમય સુધી મૃતદેહ રઝડ્યો હતો. વારંવાર સર્જાતી સમસ્યાનો ઉકેલ આવે તેવી ગ્રામજનોની માંગ ઉઠી છે. ત્યારે સમગ્ર મામલે રાજ્ય સરકારના વન અને પર્યાવરણ મંત્રી અને અરવલ્લી જિલ્લા પ્રભારી મંત્રી રમણભાઈ પાટકરે ગંભીરતા દાખવતા જણાવ્યું હતું કે ટુંક સમયમાં સ્મશાનની જમીનને લઈ ઉકેલ લાવવાની ખાત્રી આપી હતી.

## મોડાસાના રખિયાલ ગામે ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીનું ભેદી સંજોગોમાં મોત

મોડાસા, તા. ૨૮

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના રખિયાલ ગામની પ્રાથમિક શાળામાં ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીનું એકાએક મૃત્યુ થતા ગામમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. મૃતક ૧૩ વર્ષિય વિદ્યાર્થી કૃષ્ણપાલસિંહ રમેશસિંહ મકવાણાના માતા પિતા તેમજ સંબંધીઓના જણાવ્યા અનુસાર તેને નખમાં પણ રોગ ન હતો અને શનિવારે સવારે તંદુરસ્ત શાળાએ ગયો હતો પરંતુ શાળાથી ઘરે પાછા આવ્યા બાદ ટીવી જોતો હતો તે દરમિયાન ચીસો પાડી હતી અને વામીટ કર્યા બાદ ઢળી પડ્યો હતો.

મૃતકના સહઅભ્યાસી મિત્રના જણાવ્યા અનુસાર શનીવારે તેમનું સંસ્કૃત વિષયનું પેપર હતુ અને



મધ્યાહન ભોજનમાં બધા બાળકોએ વઘારેલી ખીચડી ખાધી હતી. શાળામાંથી જવા નિકળતા કૃષ્ણપાલસિંહ રમેશસિંહ મકવાણાએ કાનમાં દુખે છે એમ કહ્યુ હતુ અને ૩૦ મીનીટના ગાળામાં મૃત્યુ પામ્યો હતો.

મળતી માહિતી અનુસાર મૃતક કૃષ્ણપાલસિંહ રમેશસિંહ મકવાણાની જ્યારે તબીયત લથડી ત્યારે તેના ઘરે કોઈ ન હતુ કેમ કે તેના માતાપિતા તેની ૧૬ વર્ષની બહેનને છેલ્લા ૧૦ દિવસથી તાવ આવતો હતો તેથી દવાખાને ગયેલ હતા.

કૃષ્ણપાલસિંહ રમેશસિંહ મકવાણાનું મૃત્યુ થતા પરિવારનો કુળદિપક બુજાયો હતો. પરિવારજનોની માંગ છે કે પી.એમ. રીપોર્ટ સત્વરે આપવામાં આવે જેથી મૃત્યુના કારણની ખબર પડે.

## પ્રાંતિજના નવા બાકલપુર ખાતે ઘાસ ભરેલ ટ્રેક્ટરમાં આગ

**વિજવાયરો અડકી જતાં ઘાસ ભરેલ ટ્રેલરમા આગ લાગી : ત્રણ નો આબાદ બચાવ : જોતજોતામાં આગે ઉગ્રસ્વરૂપ ધારણ કરતાં બધો ઘાસચારો બળી ને સ્વાહા થઈ ગયો : પ્રાંતિજ ફાયર ટીમ દ્વારા આગ હોલવવામા આવી**



પ્રાંતિજ, તા.૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના નવા બાકલપુર ખાતે ઘાસ ભરેલ ટ્રેકટરમાં આગ લાગતા નાસભાગ મચી જવાપામી હતી. તો ટ્રેકટર ચાલક સહિત અન્ય બેનો બચાવ થયો હતા. ટ્રેલરમાં ભરેલ બધો જ ઘાસચારો બળી ને સ્વાહા થઈ ગયો હતો.

પ્રાંતિજ નવા બાકલપુર ગામની સીમમાં આવેલ ખેતરમાંથી ડાંગરના પુરીયા ભરીને જતું ટ્રેક્ટર વિજવાયરો નીચેથી પ્રસાર થઈ રહ્યું હતું તે દરમ્યાન વિજવાયરો અડકી જઈ ભેગાં થતા તળખલા પડ્યા હતાં અને ટ્રેલરમાં ભરેલ પુરીયા (પશુઘાસ)માં આગ પકડાઈ હતી. ટ્રેક્ટર ઉપર ઘાસ ઉપર બેઠેલ બે વ્યક્તિઓ કુદી પડ્યાા હતાં. ટ્રેકટર ચાલકને ખબર પડતાં તેણે પણ ટ્રેક્ટર ટ્રેલરથી તાત્કાલિક છુટું પાડયું હતું. ચાલક સહિત બેનો બચાવ થયો હતો. બુમાબુમ થતાં આજુબાજુના ખેતરોમાંથી ખેડૂતો દોડી આવ્યાં હતાં અને આગ હોલવવા પ્રયત્નો કર્યા હતાં. આ અંગેની જાણ પ્રાંતિજ ફાયરને કરતાં પ્રાંતિજ ફાયરટીમના મુકેશભાઇ, પિયુષભાઇ સહિતની ટીમ દોડી આવી હતી અને લાગેલ આગમાં પાણીનો મારો ચાલું કર્યો હતો પણ આગે જોતજોતામાં ઉગ્રસ્વરૂપ ધારણ કરતાં ટ્રેલરમા રહેલ બધો ઘાસચારો બળી ને ખાખ થઈ ગયો હતો. નવા બાકલપુરના ખેડૂત પાસેથી પોગલુના ખેડૂત નટવરભાઈ બેચરભાઈ વણકર દ્વારા ખરીદી કરી પોતાના પશુઓ માટે ઘાસ ટ્રેક્ટરમાં ભરી ને લઈ જવાતો હતો તે દરમ્યાન આ ઘટના બનતાં ખેડૂતને ટ્રેક્ટર ભાડું ખરીદેલ ઘાસ સહિત ૧૫૦૦૦ જેટલું નુકસાન હાલ તો સહન કરવાનો વારો આવ્યો છે. તો તંત્ર દ્વારા આર્થિક સહાય મળે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

## પ્રાંતિજ ખાતે ૫૬૪ વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિની પરીક્ષા આપી

**પ્રાથમિક ના ૪૯૯ વિદ્યાર્થીઓ તથા માધ્યમિક ના ૬૫ વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિ ની પરીક્ષા આપી**



પ્રાંતિજ, તા.૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાથમિક અને માધ્યમિકના વિધાર્થઓની શિષ્યવૃત્તિ ની પરીક્ષા યોજાઇ હતી જેમાં પ્રાંતિજ સહિત તાલુકામાંથી ૫૬૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

પ્રાંતિજ શેઠ.પી. એન્ડ આર. હાઈસ્કુલ ખાતે તારીખ ૨૮૧૦૨૦૧૮ ને રવિવાર ના રોજ પ્રાથમિક અને માધ્યમિક ના વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ માટે ની પરીક્ષા યોજાઇ હતી જેમાં પ્રાંતિજ સહિત તાલુકામાંથી ધોરણ- ૫ અને ધોરણ-૮માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ પરીક્ષાઆપી હતી જેમાં પ્રાથમિક વિભાગ ના ૫૨૦ વિદ્યાર્થીઓમાંથી ૪૯૯ વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિ માટેની પરીક્ષા આપી હતી તો ૨૧ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યાં હતાં તો માધ્યમિક વિભાગ માંથી ૭૩ વિદ્યાર્થીઓમાંથી ૬૫ વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિ માટે ની પરીક્ષા આપી હતી અને ૮ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યાં હતાં તો પ્રાથમિક-માધ્યમિક માંથી કુલ- ૫૬૪ વિદ્યાર્થીઓએ શિષ્યવૃત્તિ ની પરીક્ષા આપી હતી તો તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ટી.કે.વાઘેલા ના માર્ગ દર્શન હેઠળ સફળ સંચાલન યોજાયું હતું તો સરકારી પ્રતિનિધિ એચ. એમ. શેઠિયા, ઓબ્ઝવર ડી. એ. પટેલ, જગદીશભાઇ પંચાલ સહિત નો સુપરવાઇઝર સ્ટાફ દ્વારા સુંદર કામગીરી કરવામાં આવી હતી .

## શામળાજીના બસ સ્ટેશનમાં એસટી બસના ચાલકે બેદરકારી થી બસ સ્ટેન્ડમાં બસ ઘુસી




મોડાસા, તા.૨૮

અરવલ્લી જીલ્લામાં એસટી બસ વારંવાર ખોટકાઈ જવાની સતત ઘટનાઓ અને મરામત ના અભાવે ખાડામાં ઉતરી પડતી હોવાની ઘટનોમાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે શામળાજી બસ સ્ટેન્ડમાં વહેલી સવારે બીમાર બસ એસટી બસ ચાલુ ન થતા ડ્રાઈવરે અન્ય લોકોની મદદ થી ધક્કો મારી બસ ચાલુ કરવાના પ્રયત્નમાં બસ ચાલકે બસ પરથી કાબુ ઘુમાવતા બસ બસ સ્ટેન્ડની કેન્ટીનની દીવાલ સાથે અથડાતા દીવાલને ભારે નુકશાન થયું હતું સદનસીબે મુસાફરો થી ઉભરાતા શામળાજી બસ સ્ટેન્ડમાં વહેલી સવારે ૬ વાગે બનેલી ઘટનાથી જાનહાની ટળતા એસટી તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો ભિલોડા એસટી ડેપોના મેનેજર સ્થળ પર દોડી આવ્યા હતા અને તપાસ હાથધરી પંચનામું કરી કાર્યવાહી હાથધરી હતી

## ગાંધીનગર આર. આર. સેલે બાયડમાં જુગારધામ ચલાવતા ૫ શકુનિઓને ઝડપ્યા

મોડાસા, તા.૨૮

અરવલ્લી જીલ્લામાં નવનિયુક્ત એસ.પી મયુર પાટીલ ની નિમણુંક સમયે થોડા મહિના બંધ રહેલા દેશી,વિદેશી દારૂના અડ્ડા અને જુગારધામ ફરીથી ધમધમવા લગતા જીલ્લાના પ્રજાજનોમાં તરેહ તરેહ ની ચર્ચાઓ થઈ રહી છે ગાંધીનગર આર.આર.સેલે બાયડ પોલિસ તંત્રને લપડાક લગાવી હોય તેમ ઉંઘતી રાખી સ્વામિનારાયણ મંદિર પાછળના વિસ્તારમાં ઘરમાં ચાલતા જુગારધામ પર રેડ પડી જુગારધામ ચલાવતા કિરીટ બારોટ સહીત અન્ય ચાર શકુનિઓને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

બાયડ શહેર સહીત ગ્રામ્ય વિસ્તારોમાં આંકડાનો જુગાર રમાડી કેટલાય પરિવારોને બરબાદીના ગર્તામાં કેટલાક નામચીન શખ્શો છેલ્લા કેટલાક વર્ષો થી ધકેલી રહ્યા છે બાયડમાં કિરીટ નામનો શખ્શ જુગારધામ અને હારજીતની બાજી સહીત આંકડાનો જુગારધામ ચલાવી રહ્યો હોવાનું પંથકમાં જગજાહેર છે ત્યારે બાયડ પોલીસતંત્ર અજાણ હોય નવાઈ ઉપજાવે છે બાયડમાં દેશી-વિદેશી દારૂ અને જુગારના અડ્ડાઓ પોલીસતંત્રના હપ્તારાજની આડમાં બદી



ફૂલીફાલી હોય તેવું શહેરીજનોમાં ચર્ચાઈ રહ્યું છે ગાંધીનગર આર.આર.સેલ ની ટીમે બાયડ સ્વામિનારાયણ મંદિર પાછળ વિસ્તારમાં ઘરની પાછળ કિરીટ શના ભાઈ બારોટ પાછળ વારલી મટકાનો આંકડાનો જુગાર રમાડતો હોવાની બાતમીના આધારે રેડ પાડી કિરીટ બારોટ સહીત અન્ય ચાર શખ્શોને આંકડા લખાવતા ઝડપી પાડ્યા હતા અને આંકડા લખેલ ચિઠ્ઠીઓ જપ્ત કરી ૧૪૫૦ રોકડ રકમ જપ્ત કરી બાયડ પોલીસને સોંપતા બાયડ પોલીસે જુગારધારાની કલમ હેઠળ ૧)કિરીટ શનાભાઈ બારોટ ૨) યુસુફ અબ્દુલ્લા ખાન પઠાણ (રહે,મોટી વ્હોરવાડ,કપડવંજ-ખેડા) ,૩) રતિલાલ નાથાભાઈ ચૌહાણ (રહે,ફુલબાઈ માતાના મંદિર પાસે ) ,૪)નરેશ રામલા ભાઈ અરોડા (રહે,બાયડ પન્નાલાલ દૂધની ડેરીની પાછળ) ,પિરામ બહાદુર લાલબહાદુર ઠાકોર (નેપાળી) રહે,બાયડ ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

ગાંધીનગર આર.આર.સેલે દિવાળી ટાણે બાયડના ધમધમતા જુગારધામ પર રેડ પાડી જુગારધામ ચલાવનાર શખ્શને ઝડપી પાડતા બાયડ પોલીસતંત્રની દિવાળી બગાડી હોવાની ચર્ચા સમગ્ર શહેરમાં ટોક ઓફ ધી ટાઉન બની છે

## મહાદેવપુરા કંપાના મૃતક મહિલાના પુત્રોએ ચક્ષુદાન કરી સમાજને નવી રાહ ચીંધી



મોડાસા, તા. ૨૮

મોડાસા તાલુકાના મહાદેવપુરા કંપાના મણીબેન જેઠાભાઈ પટેલ નામની મહિલાનું આકસ્મિક જીવનદીપ બુઝાઈ જતા તેમના પુત્રો કિરણભાઈ, અશેષભાઈ અને હર્ષાબેન, ભાવનાબેન દ્વારા એક બુઝાઈ ગયેલ દીપમાંથી માણસાઈનો દીવો પ્રગટાવી ચક્ષુદાન દ્વારા અન્ય બે દિવ્યાંગોને રોશનીથી ઝળહળી કરવાના ધ્યેય સાથે જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી, જનરલ હોસ્પિટલ, હિંમતનગરને ચક્ષુદાન કરી સમાજને નવો રાહ ચીંધવાનો પ્રયત્ન થતા કચ્છ કડવા પાટીદાર સમાજમાં તેમની ચક્ષુદાન સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી હતી. ક.ક.પા.સ.સ. સમાજ ટ્રસ્ટ પીરમાણાના મંત્રી ચંદુભાઈ જી. પટેલે ચક્ષુદાન કરનાર પરિવારની સરાહના કરી હતી.

## ભિલોડા અને માલપુર તાલુકાના વધુ ૨૧ ગામોમાં એકતા રથયાત્રાનું પરિભ્રમણ : સર્વત્ર ભારે આવકાર

મોડાસા,તા.૨૮

આગામી ૩૧મી ઓક્ટોબરે કેવડિયા કોલોની ખાતે નર્મદાના સાધુ ટાપુ ઉપર નિર્મિત વિશ્વની સૌથી ઉંચી ૧૮૨ મીટરની લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ થવાનું છે ત્યારે સરદાર સાહેબને ભાવાંજલિ અર્પવા માટે ગામેગામ સરદાર સાહેબની પ્રતિમા સાથેની એકતા રથયાત્રા અરવલ્લી જિલ્લામાં પણ તમામ તાલુકાઓ અને ગામડાઓને આવરી લઈને પ્રથમ તબક્કાની રથયાત્રાનો પ્રારંભ થયો છે

તેના આજે ત્રીજા દિવસે પણ ભિલોડા અને માલપુર તાલુકાના વધુ ૨૧ ગામોમાં રથનું આગમન થતા દરેક ગામમાં ઉમંગભેર યાત્રાનું સ્વાગત કરાયું હતું.

ભિલોડાના ધબોલિયા, પાલ્લા, ભવાનપુર, શામળપુર, નાપડા(ખા), અસાલ, ખારી, ખેરંચા, ખોડંબા, વાદિયોલ, બ્રહ્મપુરી, લાલપુરના રૂટ ઉપર યાત્રા પરિભ્રમણ દરમિયાન મંડલ યાત્રા ઈન્ચાર્જ ગજાનંદભાઈ પ્રજાપતિ, દિન ઈન્ચાર્જ ગીરીશભાઈ પટેલ તેમજ હિતેશ ગામેતી સહિતના સ્થાનિક તાલુકાના પદાધિકારીઓ, અધિકારીઓ સાથે યાત્રામાં જોડાયેલ.

## ખેડબ્રહ્મા તાલુકાના પરોયા ગામે પાક લણવા બાબતે સામસામી ફરિયાદ નોંધાઈ

ખેડબ્રહ્મા, તા.૨૮

ખેડબ્રહ્મા તાલુકાના પરોયા ગામમાં શનિવાર બપોરના સમયે કરણસિંહ તથા તેમના પત્ની તારાબેન પોતાના સર્વે નંબરની જમીનમાં વાવણી કરેલ અડદની લણણી કરવા માટે ગયેલા હતા. ત્યારે ગામનાજ લલીબેન, રમીલાબેન, મનુભાઈ અને મનુભાઈની દીકરી ખેતરમાં આવેલ અને કહેવા લાગેલ કે અડદ કેમ કાપો છો જેથી કરણસિંહે જણાવેલ કે અમારું ખેતર છે જેથી ચારેય જન એકદમ ઉશ્કેરાઈ જઈ મા બેન સામી ગાળો બોલવા લાગેલા જેથી કરણસિંહે ગાળો બોલવાની ના પાડતા ચારેય જાણે કરણસિંહને ગડદા પાટુનો માર મારવા લાગતા તારાબેન વચ્ચે પડતા તેમને પણ ગડદા પાટુનો માર મારવા લાગેલ અને મનુભાઈએ ધમકી આપી હતી કે આ જમીન અમારી છે અને અહીં પગ મૂક્યો છે તો જાનથી મારી નાખીશું. જ્યારે સામી બાજુ રમીલાબેન પરમારે ફરિયાદ કરી હતી જેમાં તેઓ શનિવાર બપોરે તેઓ તથા તેમની દીકરી છાયાબેન, અને દેરાણી લલીતાબેન ઘરે હતા ત્યારે ગામના જ કરણસિંહ અને તેમના પત્ની તારાબેન બંને જણા મજૂરો લઈ રમિલાબેનના ખેતરમાં જઈ વાવેતર કારેલ અદડ ની કાપણી કરતા હતા જેથી રમીલાબેન અને તેમની દીકરી અને દેરાણી ખેતરમાં જય જણાવેલ કે આ અમારું ખેતર છે અને આ અડદ અમારા છે તમે કેમ કાપણી કરો છો. તેમ કહેતા કરણસિંહે અને તારાબેન ઉશ્કેરાઈ ગયા હતા. મા બેન સામી ગાળો બોલી રામિલાબેનને ગડદા પાટુનો માર મારવા લાગેલ જેથી તેમની દીકરી છાયાબેન છોડાવવા જતા તેને. પણ ગદડા પાટુનો માર મારવા લાગેલ અને લલીતાબેન ત્રણે ને જાતિ અપમાનિત થતા શબ્દો બોલી આ ખેતરમાં પગ મુકશો તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી